
શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ
અનુપમ મિશન
બ્રહ્મજ્યોતિ ભારત ૨૦૨૨
પૂર્ણાહુતિ
માહાત્મ્યપર્વ
૧૭ જાન્યુઆરી, ૨૦૨૨



શાલ અર્પણ

# નૂતન દીક્ષાર્થી વ્રતધારણ

૧૭ જાન્યુઆરી ૨૦૨૨

પોષીપૂર્ણિમા, શ્રી ગુણાતીત દીક્ષાદિન, અનુપમ મિશનના સંતોનો વ્રતધારણ દિન ! શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના આ મહામાંગલ્યપ્રદ અવસરે નિષ્ઠાવાન, હોનહાર, તેજસ્વી ૮ યુવાનોએ દીક્ષા પ્રાપ્ત કરી શ્રી ઠાકોરજીના શ્રીચરણોમાં જીવન સમર્પિત કરવાનું મહાકલ્યાણકારી ભક્તિકાર્ય કર્યું. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મહામંગલકારી કાર્યના વિસ્તરણમાં જોડાનાર, જીવન હોમી દેવા તત્પર આ નૂતન દીક્ષાર્થીઓનાં માતા-પિતા-પરિવારજનોના પણ આ પ્રસંગે આભાર વ્યક્ત કરાયા.

નૂતન દીક્ષાર્થીઓને સંતભગવંત સાહેબજીએ શાલ ઓઢાડી ગુરુમંત્ર આપ્યો, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ બેજ અર્પણ કર્યો, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ પૂજા અર્પણ કરી, સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ કંઠી અર્પણ કરી, સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ માળા અર્પણ કરી દીક્ષા પ્રદાન કરી. અનુપમ મિશનના સંતો, ગુણાતીત સમાજનાં સૌ સંતો-સંત બહેનો સહિત ઉપસ્થિત ભક્તોએ નવદીક્ષિત સંતોને અંતરથી બિરદાવ્યા. ભગવાનના કાર્યમાં જોડાનાર સૌ સંતોને ભગવાનનું કાર્ય, ભગવાનની રીતે કરવા સાધનામાર્ગે ખૂબ બળ મળે તે માટે સૌએ અંતરથી પ્રાર્થનાઓ કરી !



ગુરુમંત્ર અર્પણ



અનુપમ બેજ અર્પણ



પૂજા અર્પણ



તીર્થસમાન માતા-પિતા-પરિવારજનોનાં દર્શન




નૂતન દીક્ષાર્થીઓને સદ્‌ગુરુઓના આશીર્વાદ



કંઠી અર્પણ



સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના શ્રીચરણોમાં નવદીક્ષિત સંતવૃંદ
પૂ. ચંદ્રેશદાસ, પૂ. જયદાસ, પૂ. ગૌરવદાસ, પૂ. કાનજીદાસ, પૂ. જયદાસ, પૂ. શિલ્પદાસ, પૂ. નીલેશદાસ, પૂ. ચિરાગદાસ



માળા અર્પણ



સાહેબજીને શ્રદ્ધાભાવના હાર અર્પણ




પરમ સ્નેહમિલનનાં દિવ્ય દર્શન



પ.પૂ. દ્વારકેશલાલજીને ભક્તિભાવે હાર અર્પણ







પ.પૂ. નિર્મળ સ્વામીજી, પ.પૂ. પ્રેમસ્વરૂપદાસ સ્વામીજી, પ.પૂ. બાપુ સ્વામીજીનાં પરમ આદરભાવે સ્વાગત

મહોત્સવ પૂર્ણાહુતિ સભામાં સૌના પરમ સદ્ભાગ્યે સંતભગવંત સાહેબજીની પરમ નિશ્રા સાથે વૈષ્ણવાચાર્ય પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ, પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી મહારાજ, પ.પૂ. નિર્મળ સ્વામીજી, પ.પૂ. બાપુ સ્વામીજી સહિત હરિધામ-સોખડા, સાંકરદા, સમઢિયાળા કેન્દ્રના સંતો, ગુણાતીત જ્યોત, હરિધામ-સોખડાનાં સંત બહેનો અને પરમ દિવ્ય અક્ષરમુક્તોની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ. સૌ મંચસ્થ સ્વરૂપોના ભક્તિભાવે સ્વાગત કરાયાં. સંતભગવંત સાહેબજીના શુદ્ધ ઉપાસનાની સ્પષ્ટ સમજણ સહિતનાં જીવન-આચરણ માટેનાં માર્ગદર્શન અંગે પ્રાસ્તાવિક વર્ણન સાથે સાધુ પૂ. પીટરદાસજીએ સભાનો આરંભ કરાવ્યો. સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ નવદીક્ષિત થયેલા વ્રતધારીઓને અને તેઓનાં માતાપિતાનાં સમર્પણને બિરદાવી આધ્યાત્મિક પંથે પ્રભુપ્રીત્યર્થે અને ગુરુમુખી જીવન જીવવાનાં માર્ગદર્શન પ્રદાન કર્યાં. પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના પણ પ્રિરેકોર્ડેડ આશીર્વાદ આ પ્રસંગે પ્રાપ્ત થયા.



આધ્યાત્મિક માર્ગદર્શન :
પૂ. અશ્વિનદાદા

આ પ્રસંગે પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ, પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતભગવંત સાહેબજીને અભૂતપૂર્વ કૃપાશિષવર્ષા વરસી, જેને ઝીલી સૌ ધન્ય થયાં. સમગ્ર મહોત્સવના આયોજન મહોત્સવ અધ્યક્ષ સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાના માર્ગદર્શને થયાં. મહોત્સવને સર્વ પ્રકારે સફળ બનાવવા સુશોભન, મહાપ્રસાદ, ઉતારા, સભાવ્યવસ્થા, પ્રકાશન, સભાસંચાલન આદિ સેવાકાર્યોમાં મહિમા અને નિર્દોષભાવ રાખી અકલ્પનીય દાખડો કરનાર સૌ સંતો અને યુવાન અક્ષરમુક્તોએ સેવા, ભક્તિ અને સમર્પણના કળશ ચઢવા રૂપી ધન્યતા અનુભવી. સંપ, સુહૃદભાવ, એકતા... યોગીબાપાની પ્રસન્નતા... આ સૂત્રને જીવનનો ધ્યેયમંત્ર રાખી સદૈવ સેવાતત્પર રહેવા સંતભગવંત સાહેબજીએ આહ્લેક ગુંજાવી. આ કૃપાપ્રસાદ સાથે શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ પૂર્ણાહુતિના જયઘોષ ગૂંજી ઊઠ્યા. ◆



સભા ઉદ્ઘોષક :
પૂ. પીટરદાસજી



'શ્રી દીનાનાથ ભટ્ટ કૃતમ્ શ્રી નારાયણ સ્તવનાષ્ટકમ' ઑડિયો આલ્બમનાં વૈષ્ણવાચાર્યજી દ્વારા મુક્તાર્પણ



સંતભગવંત સાહેબજીની 'છે માહાત્મ્યસભર વાણી સદા' મહાગ્રંથના નવમા ભાગનું ડૉ. જિતુભાઈ દ્વારા મુક્તાર્પણ



'સ્પિરિચ્યુઅલ એસેન્સ' મહાગ્રંથના છઠ્ઠા ભાગનું વિજયભાઈ ઠક્કર દ્વારા મુક્તાર્પણ







"જેના રોમરોમમાં ભક્તિ વસી હોય તેના વિચાર, વાણી અને વર્તન અલૌકિક હોય છે. અને તેવા અલૌકિક સ્વરૂપનું સાક્ષાત્ દર્શન એટલે સંતભગવંત સાહેબજીનું દર્શન ! સહજ પ્રેમ, વાત્સલ્ય, સમભાવ, સર્વ સ્વીકાર એટલે સાહેબજી ! કોઈ પ્રત્યે દુર્ભાવ નહીં, કોઈનો અનાદર નહીં, અભાવ રહિત અવસ્થા છે સાહેબજીની ! જેમના મુખ પર સહજ બાળકવત્ નિર્દોષ સ્મિત સદાય રમે છે તે સાહેબજી !

~ વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પરમ પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી



સર્વનાં ગુણગાન અને મહિમા ગાયા કરીએ, સાંભળ્યા કરીએ. અને જ્યારે પણ મન, કર્મ, વચને સેવા કરવાની તક મળે ત્યારે નિર્દોષભાવે મારા કલ્યાણ માટે સેવા કરીએ. ને સંપ, સુહૃદભાવ, એકતાથી હળીમળીને ભક્તિ કરીએ ! આપણે ગુણાતીતરૂપ થવું છે. મહારાજને એ જ પ્રાર્થના એ રૂપ થવાના માર્ગે અમને આપે ચાલતા કર્યા છે તો આ ને આ દેહે કરીને, હસતા-રમતા, ખેલતા-કૂદતા એ ભાવને પામીએ એવી આજના મંગલકારી દિવસે આપણા સૌની પ્રાર્થના !

~ સંતભગવંત સાહેબજી







ગુણાતીત સત્પુરુષે આપણો હાથ પકડ્યો છે તે આપણા જીવનમાં ખૂબ મોટી વાત બની ! તે સ્વરૂપ સિવાય બીજે સુખ ઇચ્છવું નહીં, તેમનું વચન જડબેસલાક પાળીએ, તેમનું ગમતું નિરંતર કર્યા કરીએ તે આશીર્વાદ આજે સ્વામીજી અને સાહેબજી પાસે માંગીએ છીએ. યોગીબાપાનો અભિપ્રાય તે જ સ્વામીજી અને સાહેબજીનો અભિપ્રાય છે. તે અભિપ્રાય એટલે સંપ, સુહૃદભાવ અને એકતા. તે આપણું જીવન બને તે પ્રાર્થના ! સંબંધવાળાનો મહિમા સમજી તેમનામાં જ રમમાણ રહે, તેમની સેવામાં ખોવાઈ જવું તેનું દર્શન એટલે સાહેબજીનું ભક્તિમય જીવન. તેવું જીવન આપણું બને તેવી અંતરની યાચના !

~ પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી







વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ, પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી, પ.પૂ. નિર્મળ સ્વામીજી, પ.પૂ. બાપુ સ્વામીજીનાં અભિવાદન... સ્મૃતિભેટ અર્પણ

